| Innovation ID | DTP0010000002586 | Sr No : 1 |
|---|---|---|

| | |
|---|---|
| Innovation Title | નારિયેળી (Cocos nucifera)માં મેઢ (Rhinocerous beetle)(કીડા)નું નિયંત્રણ |
| Category | પાક સંરક્ષણ |
| Notebook Number | Lok(૧) ૨, April-૧૯૯૬, pg.no.-૧૩ |
| Brief | નારિયેળી (Cocos nucifera)માં મેઢ (Rhinocerous beetle) (કીડા)નું નિયંત્રણ માટે ગોળ, પાણીનો ઉપયોગ |
| Detail | જૂનાગઢ જિલ્લાના શકરાણા ગામના શ્રી જેઠાભાઈ અરશીભાઈ કામળીયા મેઢ નિયંત્રણ માટે તેના કાણામાં સળિયો નાખી તેમાંથી કચરો બહાર કાઢે છે. ત્યાર બાદ ગોળને પાણીમાં નાખી ગરમ કરી આ મિશ્રણને કાણામાં રેડી તે જ મિશ્રણ વડે કાણાને બંધ કરી દે છે. જેઠાભાઈ કામળીયા જણાવ્યા મુજબ, ગોળના ગળપણને કારણે કીડીઓ કાણામાં આકર્ષાય છે અને મેઢ (Rhinocerous beetle)ને મારી નાખે છે. જ્યારે તેમના વિસ્તારના બીજા ઘણા ખેડૂતો ડામર વડે કાણું પૂરી દે છે. જેથી હવાની અવર જવર બંધ થવાથી કીડો મરી જાય છે.<br>કોલંબિયા દેશના એનરીક નામના ખેડૂતે મેઢનું બારીકાઈથી અવલોકન કરતાં જોયું કે, આ કીડાને અનાનસ ખૂબ ભાવે છે. લીસા નળાકાર ડબ્બામાં અનાનસની એક બે કાતરી મૂકીને આવા ડબ્બામાં નાળિયેરી (Cocos nucifera)ના ઝાડ ઉપર લટકાવ્યા. અહીં વરસાદ વધુ પડતો હોવાથી તેમણે ડબ્બાના તળિયે એક બે કાણાં પાડયા જેથી, વરસાદનું પાણી અંદર ભરાઈ ન રહે, અનાનસની સુગંધથી મેઢ આકર્ષિત થઈને ડબ્બામાં આવે છે. અનાનસ ખાઈ જાય છે. પરંતુ તે નળાકાર ડબ્બાની લીસ્સી સપાટી પર ચડી શક્તો નથી તેથી અંદર પુરાઈ ભૂખે મૃત્યુ પામે છે.<br>તામિલનાડુના કેટલાક વિસ્તારોમાં પણ આ પદ્ધતિ સાથે સમાનતા ધરાવતી પદ્ધતિ જોવા મળે છે. તેઓ પાઈનેપલને બદલે રાંધવામાં વપરાયા બાદ બાકી રહેલ તેલને ડબ્બામાં મૂકે છે અને તેની સુંગંધથી મેઢ આકર્ષિત થાય છે. અંદર આવેલ મેઢને બહાર કાઢી તેનો નાશ કરે છે.<br><br>(નોંધ - આ પદ્ધતિનું રિચેકીંગ સોમભાઈ ઠક્કરે સપ્ટેમ્બર, ૨૦૦૪માં કર્યુ છે. આ પદ્ધતિ સાચી છે.) |
| Method of Use | |
| Caution | |
| Benefit | |
| Condition | |
| Material Used | ગોળ, પાણી |
| IPR Status | |
| Keywords | ગોળ, પાણી, નારિયેળી, Cocos nucifera, મઢે, Rhinocerous beetle, કીડા,જુનાગઢ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૫૬૯ | Member Type | Innovator | | |
| First Name | જેઠાભાઈ | Middle Name | અરસીભાઈ | Last Name | કામળીયા |
| Profession | ખેતી | Designation | ખેડૂત | | |
| Address 1 | | | | | |
| Village | મુ. શકરાણા | | | Taluka | કેશોદ |
| District | Junagadh | State | Gujarat | Country | India |
| Biography | | | | | |
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૫૦૯૪ | Member Type | Verifier | | |
| First Name | સોમભાઈ | Middle Name | એચ | Last Name | ઠક્કર |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | ૪૬, વર્ધમાન ટેનામેન્ટ, સોલા રોડ, ભુંયગદેવ પાસે | | | Taluka | |
| District | Ahmadabad | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Innovation ID | DTP0010000002605 | Sr No : 2 |
|---|---|---|

| | |
|---|---|
| Innovation Title | શાકભાજીમાં પાન કોકડાઈ જવાનો રોગ |
| Category | પાક સંરક્ષણ |
| Notebook Number | lok (૨) ૬, Dec- ૧૯૯૭, Pg No. ૬ |
| Brief | શાકભાજીમાં પાન કોકડાઈ જવાનાં રોગના નિયંત્રણમાં કેરોસીનનો ઉપયોગ. |
| Detail | મચ્ચી,(Capsicum annum) રીંગણી (Solanum melongena), ટામેટા જેવા પાકમાં પાન કોકડાઈ જવાનો રોગ થતો હોય છે. મચ્ચાના પાકમાં આવા પ્રકારના રોગના નિયંત્રણ માટે જૂનાગઢ જિલ્લાના સોંદરડા ગામના શ્રી પી એ કુંભાણીએ સરસ પ્રયોગ કર્યો છે.<br>જ્યારે મરચીના પાકમાં રોગ લાગે ત્યારે મરચીને પાણી આપતી વખતે જ્યાંથી પાણી ક્યારામાં જતુ હોય એટલે કે ક્યારાના નાકા આગળ કેરોસીનના થોડા થોડા ટીપા નાખતા રહેવું આ ક્રિયા કર્યા પછી ચુનાનો પાવડર આછો આછો છોડ ઉપર છાંટવો. બે થી ત્રણ વખત આમ કરવાથી છોડ રોગમુક્ત થઈ જાય છે. તંદુરસ્ત થાય છે અને ઉત્પાદન સારૂ આવે છે.<br><br>(ડૉ. જી.એમ. પટેલના જણાવ્યા અનુસાર પાન કોકડાઈ જવાના રોગના નિયંત્રણ માટે વાઈરસના વાહકનું નિયંત્રણ જરૂરી છે. પાણી સાથે કેરોસીન આપવાથી જમીનમાં રહેલ થ્રીપ્સની કોસેટોના અવસ્થાના શ્વસનમાં વિક્ષેપ પડવાથી તેનો નાશ થવાની શક્યતા છે. તેથી થ્રીપ્સથી થતું સીધુ નુકશાન અટકે છે. પરંતુ કેરોસીન નું એકર દીઠ કેટલું પ્રમાણ રાખવું તે જાણવું જરૂરી છે. કારણ કે કેરોસીનનું પ્રમાણ વધે તો તે મરચી માટે નુકશાન કારક છે. તેમજ જે છોડમાં આ રોગ લાગે તેની તંદુરસ્તી ફરીથી પાછી આવતી નથી. ચૂનાના પાવડરની ભૌતિક અસરથી પણ થોડે અંશે થ્રીપ્સ અને સફેદ મશીનું નિયંત્રણ થઈ શકે છે.)<br><br>(નોંધ - આ પદ્ધતિનું રિચેકીંગ કાન્તિ પરમારે તા. ૧૧-૮-૦૬ના રોજ કરેલ છે.)<br>(નોંધ - ઉત્તરદાતાશ્રીનું ૧૯૯૮માં મૃત્યુ થયેલ છે. તેમના પુત્ર કિરીટભાઈ પ્રેમજીભાઈ કુંભાણીના જણાવ્યા મુજબ આ પદ્ધતિ વિશે વિશેષ માહિતી મારી પાસે નથી અને તેઓ પહેલા કરતા હતા તે બદલ તેમના વતીથી પી.આઈ.સી. ભરી આપેલ છે. ગામના અન્ય ખેડૂતો આ પદ્ધતિ વિશે જાણતા નથી.)<br><br>(નોંધ:-રીચેક - વિપુલભાઈ. વી. વાસને તા. ૨૦-૧૧-૨૦૦૬માં કરેલ છે. ) (પીઆઈસી અશક્ય છે.)<br>(નોંધ:- આપેલી માહિતી સાચી છે. પરંતુ આ વ્યક્તિ સાત વર્ષ પહેલાં મૃત્યુ પામેલ છે. અને તેમના પુત્ર કિરીટભાઈ પ્રેમજીભાઈ કુંભાણી આ માહિતી જાણતા નથી.) |
| Method of Use | |
| Caution | |
| Benefit | |
| Condition | |
| Material Used | કેરોસીન |
| IPR Status | |
| Keywords | કેરોસીન, શાકભાજી, કોકડાઈ, રોગ, જૂનાગઢ, પાન |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૫૯૨ | | Member Type | Innovator | |
|---|---|---|---|---|---|
| First Name | સ્વ. પ્રેમજીભાઈ | Middle Name | એ. | Last Name | કુંભાણી |
| Profession | ખેતી,પશુપાલન | Designation | ખેડૂત,પશુપાલક | | |
| Address 1 | | | | | |
| Village | મુ. સોંદરડા | | | Taluka | કેશોદ |
| District | Junagadh | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૫૯૨ | | Member Type | Scout | |
|---|---|---|---|---|---|
| First Name | સ્વ. પ્રેમજીભાઈ | Middle Name | એ. | Last Name | કુંભાણી |
| Profession | ખેતી,પશુપાલન | Designation | ખેડૂત,પશુપાલક | | |
| Address 1 | | | | | |
| Village | મુ. સોંદરડા | | | Taluka | કેશોદ |
| District | Junagadh | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૬૧૭૦ | | Member Type | Verifier | |
|---|---|---|---|---|---|
| First Name | કાન્તિભાઈ | Middle Name | રત્નાભાઈ | Last Name | પરમાર |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મુ. ચારણવાડા, પો. વરથું | | | Taluka | મોડાસા |
| District | Sabarkantha | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૬૨૭૪ | | Member Type | Verifier | |
|---|---|---|---|---|---|
| First Name | વિપુલ | Middle Name | વી. | Last Name | વાસન |
| Profession | | Designation | | | |
| Address 1 | શક્તિનગર- ૧, શાંતેશ્વર રોડ, જોષી પરા | | | | |
| Village | જૂનાગઢ | | | Taluka | જૂનાગઢ |
| District | Junagadh | State | Gujarat | Country | India |
| Biography | | | | | |